1. વાતાવરણનું દબાણ એટલે શું?

- વાતાવરણમાં રહેલી હવા એક ભૌતિક પદાર્થ છે. તેથી તેને પોતાનું વજન છે. વાતાવરણનો સ્તર ગુરુત્વાકર્ષણને લીધે પૃથ્વીસપાટી પર દબાણ કરે છે, જેને વાતાવરણનું કે હવાનું દબાણ કહે છે.

2. વાતાવરણનું દબાણ માપવાનાં સાધનો જણાવો.

- ''બેરોમિટર (વાયદાબ માપક), એનરોઇડ બૅરોમિટર અને બેરોગ્રાફ'' વગેરે સાધનોથી વાતાવરણનું દબાણ માપી શકાય છે.

3. ફેરલનો નિયમ જણાવો.

- ફેરલના નિયમ પ્રમાણે, 'ઉત્તર ગોળાર્ધમા' વાતા પવનો પોતાની જમણી બાજુએ અને દક્ષિણ ગોળાર્ધમાં વાતા પવનો પોતાની ડાબી બાજુએ મરડાય (ફટાય) છે.

4. મોસમી પવનોની અસર મોટે ભાગે કયા દેશોમાં અનુભવાય છે.

- ભારત,પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા, ચીન, ઉત્તર કોરિયા, દક્ષિણ કોરિયા, જાપાન, તાઇવાન વગેરે દેશોમાં મોસમી પવનોની અસર અનુભવાય છે.

5. કયા પવનો કાળ-વૈશાખી તરીકે ઓળખાય છે?

- 'નોર્વેસ્ટર' પવનો કાળ-વૈશાખી તરીકે ઓળખાય છે.

6. વાયુ સમુચ્ચયોને કયા બે ભાગમાં વહેંચી શકાય?

- વાયુ સમુચ્ચયોને આ બે ભાગમાં વહેંચી શકાય : .
  (1) ઉષ્ણ કટિબંધીય વાયુ સમુચ્ચય અને (2) ધ્રુવીય વાયુ સમુચ્ચય.

7. ભેજવાળી હવાનું દબાણ કેમ ઓછું હોય છે?

- સામાન્ય રીતે ભેજવાળી હવા (વરાળ) હલકી હોય છે. તેથી તેનું દબાણ ઓછું હોય છે.

8. મોસમી પવનોના બે પ્રકાર કયા છે?

- મોસમી પવનોના બે પ્રકાર આ મુજબ છે :
  (1) ઉનાળાના મોસમી પવનો અને (2) શિયાળાના મોસમી પવનો.

9. વાતાવરણના દબાણ પર અસર કરતાં મુખ્ય પરિબળોનાં નામ આપો.

- વાતાવરણના દબાણ પર અસર કરતાં મુખ્ય પરિબળો ત્રણ છે :
  (1) ઊંચાઈ, (2) તાપમાન અને (3) ભેજ બાષ્પ.

10. વાતાગ્ર એટલે શું?

- બે વાયુ સમુચ્ચયોના મિલનક્ષેત્રને વાતાગ્ર કહે છે.

11. દબાણ પ્રવણતા એટલે શું?

- બે સ્થળો કે પ્રદેશોના હવાના દબાણ વચ્ચે રહેલા તફાવતને દબાણ પ્રવણતા (Pressure gradient) કહે છે.